**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૭ એપ્રિલ ૨૦૦૯**

**રામ નાઈક શતાયુષી થાય તે માટે ૧૦૧**
**સોહાગણ બહેનોએ ઓવારણાં લીધાં**

**મુંબઈ,શુક્રવાર :** ભાજપ - શિવસેના યુતી ના ઉત્તર મુંબઈના ઉમેદવાર શ્રી રામ નાઈક ની ગઈકાલે બોરીવલી ખાતે પ્રચાર ફેરીમાં આજ સૂધી ની બધી જ ફેરીઓ કરતાં જૂદી ભાતની ઠરી હતી. જલ્લોષ, ગીર્દી, ઉત્સાહ નો ઉભરો હોય તેવી પ્રચાર ફેરી અનેકોએ જોઈ હશે. પણ ગઈકાલની ફેરીમાં નવી ભાત મંડાણી, તે એકસર ગાવઠણમાંની ૧૦૧ સોહાગણ બહેનોએ શ્રી રામ નાઈકને શતાયુષી થાવ તેવી શુભેચ્છાઓ આપતાં આરતી સાથે ઓવારણાં લીધાં તેવેળાં. આરીતે ઓવારણાં લેવાનું એક ખાસ કારણ હતું. શ્રી રામ નાઈકનો જન્મ દિવસ હોવાની જાણ હોવાથી ઉત્સાહપૂર્વક આ સર્વ સોહાગણ બહેનો આરતી ઉતારી ઓવારણાં લેવા ઊભી હતી.

૧૯૭૮ થી માંડી બોરીવલી મતદાર સંઘે શ્રી રામ નાઈકનો સાથ આપ્યો છે. હજુ પાછલાં પરાજય વખતે પણ બોરીવલી વિધાનસભાનાં મતદારોએ ત્રીસ હજારથી વધુ મતોનું મતાધિકય આપ્યું હતું. સ્વાભાવિકપણે આ વખતે સર્વાધિક મતાધિકયે શ્રી રામ નાઈકને ચૂંટી આપવાનું પ્રણ જ જાણે બોરીવલીનાં મતદારોએ લીધેલ છે. તેને કારણે ઠેકઠેકાણે બોરીવલીમાં પ્રચારની વેળાં નાગરિકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ શ્રી રામ નાઈકને મળી રહ્યો છે. આ સ્વયંભૂ પ્રતિસાદને કારણે ઉત્સાહમાં આવેલાં કાર્યકર્તાઓ અને પોતે શ્રી રામ નાઈક પણ પ્રચારફેરી એકસરમાં પહોંચી ત્યારે રીતસરનાં ભાવુક થઈ ગયાં હતાં. બહોળી સંખ્યામાં તહેવારે ઉમટે તેમ થાળી - દિવા લઈ સોહાગણ બહેનો શ્રી રામ નાઈકની રાહ જોઈ ઊભી હતી.આ સર્વ બહેનો આગરી સમાજની હતી.શ્રી રામ નાઈકે માછીમાર સમાજ માટે કામ કર્યું હોવાથી "મચ્છીમાર - મિત્ર" તેવી શ્રી રામ નાઈકની માછીમારોમાં છબી છે. માટે શ્રી રામ નાઈકનું અહીં આવેળાં પણ જોરદાર સ્વાગત થયું હોત. પરંતુ શ્રી રામ નાઈકનો ગઈકાલે જન્મદિવસ હોવાને કારણે તેઓ શતાયુષી થાય તેવી શુભકામના કરવા ૧૦૧ સોહાગણ બહેનો ત્યાં આતુરતાપૂર્વક રાહ જોઈ રહી હતી. તેમણે કરેલ આરતી સાથેના ઓવારણાં ને કારણે ભાવભીનું વાતાવરણ નિર્માણ થયું હતું.અને ઉપસ્થિતો ગદ્ગદ્ થઈ ગયાં હતાં.

તે પહેલાં પણ પ્રચારફેરી બાભઈ, લોકમાન્ય ટિળક માર્ગ, અશોક નગર, જયરાજ નગર, યોગી નગર, વિજય નગર, મસ્જીદ મેન રોડ, રૉયલ કોમ્પ્લેક્ષ અને ચંદાવરકાર માર્ગ મારફત આવી હતી. અહીંના આરતી - ઓવારણાં બાદ આગળ બાભઈનાકા, આચાર્ય નરેંદ્રદેવ વિદ્યાલય વિસ્તારમાં પણ શ્રી રામ નાઈકે પોતાનો પ્રચાર કર્યો હતો. ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી ની આગેવાનીમાં અને શ્રી રામ નાઈકની કાર્યાધ્યક્ષતા તળે નિર્માણ થયેલાં સાવરકર ઊદ્યાનમાં પણ પ્રચારફેરી નું નોખી ભાતનું સ્વાગત થયું હતું. ઊદ્યાનમાંના દાદા-દાદી પાર્કના સદસ્ય તેવાં સેંકડો જયેષ્ઠ નાગરિકોએ શ્રી રામ નાઈકને શુભકામનાઓ આપી. બોરીવલીવાસીઓનાં વિકાસ માટે શ્રી રામ નાઈક શતાયુષી થાય તેવી શુભેચ્છાઓનો વરસાદ વરસાવતાં એક જુદાજ ઉત્સાહમાં શ્રી રામ નાઈકનો પ્રચાર ગઈકાલે બોરીવલીમાં સંપન્ન થયો.

મતદારોને ધન્યવાદ આપતાં શ્રી રામ નાઈક આ પ્રસંગે બોલ્યાં કે," મતદારોના પ્રેમનું ઋણ વાળવું શકય નથી, છતાંયે હું જનસેવા નું વ્રત ચાલુ રાખી આ પ્રેમની પહોંચ આપીશ."

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો.૯૮૬૭૬૮૯૫૪૦**